Friday
12.06.2026
*Volume :10 * Issue No.336
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક — Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-




# કેન્દ્રીય મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જેસલમેરના રામગઢ ખાતે 20 kW આકાશવાણી FM ટ્રાન્સમીટરનું ઉદ્ઘાટન કર્યું

## રેડિયો બ્રોડકાસ્ટિંગ પ્રાસંગિક અને પ્રભાવશાળી રહેવા માટે "ડિજિટલ ફર્સ્ટ" અને "હાઇપર-લોકલ" અભિગમ અપનાવવો જ જોઈએ: શ્રી વૈષ્ણવ







કમલમ્,

કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આકાશવાણી જયપુર પરિસરમાંથી જેસલમેરના રામગઢ ખાતે 20 kW ના આકાશવાણી FM ટ્રાન્સમીટરનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કર્યું હતું. આ ઉમેરા સાથે, રાજસ્થાનમાં હ્રસ ટ્રાન્સમીટરની સંખ્યા વધીને ૩૯ થઈ ગઈ છે. રામગઢ ટ્રાન્સમીટર સરહદી વિસ્તારમાં ૮૦ કિલોમીટરની ત્રિજ્યામાં રેડિયો કવરેજ સુનિશ્ચિત કરશે, જે જેસલમેર જિલ્લાના અંદાજે ૨૦,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારને આવરી લેશે અને લોકોને વિવિધ માહિતીપ્રદ, શૈક્ષણિક અને મનોરંજન કાર્યક્રમો મેળવવામાં સક્ષમ બનાવશે. ઉપસ્થિત જનસભાને સંબોધતા શ્રી વૈષ્ણવે પ્રસાર ભારતીની કામગીરી અને દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવવા હાકલ કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઝડપી તકનીકી પ્રગતિના આ યુગમાં, રેડિયો બ્રોડકાસ્ટિંગ પ્રાસંગિક અને પ્રભાવશાળી રહેવા માટે "ડિજિટલ ફર્સ્ટ" અને "હાઈપર-લોકલ" અભિગમ અપનાવવો જ જોઈએ. તેમણે અધિકારીઓને આ પરિવર્તન માટે રોડમેપ તૈયાર કરવા નિર્દેશ આપ્યો હતો અને સ્થાનિક કલાકારો તેમજ કારીગરોને બ્રોડકાસ્ટિંગ ઈકોસિસ્ટમમાં સાંકળવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. મંત્રીએ જયપુરમાં આગામી સમયમાં આકાર લેનારા AI ડેટા સેન્ટરનો પણ ઉલ્લેખ કર્યો હતો અને તેને ભવિષ્ય માટેનો પાયો અને તકનીકી પ્રગતિ તરફનું એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું.

પ્રસાર ભારતીના અધ્યક્ષ પ્રસૂન જોશીએ સભાને સંબોધિત કરીને આકાશવાણી અને દૂરદર્શન જેવી સંસ્થાઓના કાયમી મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ સંસ્થાઓ સમાજના મૂળિયા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલી છે અને માહિતીના પ્રસારણમાં તેમજ વ્યાપક શ્રોતાઓ-દર્શકો સુધી પાયાની વાસ્તવિકતાઓને પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ ટ્રાન્સમીટરનો ઉદ્દેશ્ય સરહદી વિસ્તારોમાં ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શનની પહોંચને મજબૂત કરવાનો છે. તે માત્ર જેસલમેર જ નહીં પરંતુ આસપાસના વિસ્તારોને પણ સેવા આપશે, જે સરહદી સંચાર માળખામાં એક મોટું પગલું દર્શાવે છે.

આ પહેલ "કાશ્મીરથી કચ્છ" સુધીના સમર્પિત બ્રોડકાસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિઝન સાથે સુસંગત છે, જે સમગ્ર સરહદ પર પ્રસારણ સેવાઓના પદ્ધતિસરના વિસ્તરણને સુનિશ્ચિત કરે છે. કાર્યક્રમ દરમિયાન, શ્રી વૈષ્ણવે પ્રસાર ભારતીના યુવા અધિકારીઓ સાથે સંવાદ પણ કર્યો હતો. આકાશવાણી જયપુર પરિસરમાં આયોજિત આ સમારોહમાં રાજસ્થાનના ઊર્જા મંત્રી હીરાલાલ નગર, જયપુરના સાંસદ મંજુ શર્મા અને આકાશવાણીના મહાનિર્દેશક રાજીવ કુમાર જૈન ઉપસ્થિત રહ્યા હતા. જેસલમેરના સાંસદ ઉમેદારામ બેનીવાલ પણ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા.




# શ્રી અશ્વિની વૈષ્ણવે MNIT જયપુર ખાતે એડવાન્સ્ડ કવોન્ટમ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ લેબ્સની સ્થાપના કરવાની જાહેરાત કરી

## વિદ્યાર્થીઓને લેમ રિસર્ચના (Lam Research) સેમીવર્સ સેમિકન્ડક્ટર ટ્રેનિંગ પ્લેટફોર્મની સુવિધા મળશે

કમલમ્,

કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, રેલવે અને માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે માલવીયા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (MNIT), જયપુર ખાતે એક 'એડવાન્સ્ડ કવોન્ટમ કમ્પ્યુટિંગ એન્ડ કવોન્ટમ કમ્યુનિકેશન્સ લેબ'ની સ્થાપના કરવાની જાહેરાત કરી છે. આ લેબની સ્થાપના ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય (MeitY) ના ઈલેક્ટ્રોનિક્સ અને ICT એકેડેમિક પ્રોજેક્ટ હેઠળ કરવામાં આવશે. તે કવોન્ટમ કી ડિસ્ટ્રિબ્યુશન (QKD), કવોન્ટમ કમ્પ્યુટિંગ સિમ્યુલેશન અને કવોન્ટમ સેન્સિંગ હાર્ડવેર કમ્પોનન્ટ્સમાં સ્વદેશી ક્ષમતાઓ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યોને સંબોધતા કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, વર્તમાન તકનીકી લહેર ભલે AI દ્વારા સંચાલિત હોય, પરંતુ આગામી મોટી તકનીકી લહેરનું નેતૃત્વ ક્વોન્ટમ ટેક્નોલોજી દ્વારા કરવામાં આવશે. મંત્રીએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ હેઠળ જે કામ હાથ ધરવામાં આવશે તે દેશ માટે ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. આ લેબ કવોન્ટમ કી ડિસ્ટ્રિબ્યુશન (QKD) માં પણ સંશોધન હાથ ધરશે, જે રાષ્ટ્રીય સુરક્ષાના દૃષ્ટિકોણથી અત્યંત મહત્વપૂર્ણ છે. શ્રી વૈષ્ણવે MNIT જયપુરને પોસ્ટ-કવોન્ટમ ક્રિપ્ટોગ્રાફીના ક્ષેત્રમાં અગ્રણી ભૂમિકા ભજવવા માટે આહવાન કર્યું હતું.

**લેમ રિસર્ચનું "સેમીવર્સ" પ્લેટફોર્મ**

કેન્દ્રીય મંત્રીએ એવી પણ જાહેરાત કરી હતી કે MNIT જયપુરના વિદ્યાર્થીઓને લેમ રિસર્ચના "સેમીવર્સ" (Semiverse) પ્લેટફોર્મની સુવિધા મળશે. આ એક ડિજિટલ ટ્વીન-આધારિત સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન અને ટ્રેનિંગ ઈકોસિસ્ટમ છે. સેમીવર્સ દ્વારા, વિદ્યાર્થીઓ હવે સેમિકન્ડક્ટર ચિપના માળખાનો 3D માં અભ્યાસ કરી શકશે, ચિપ ઉત્પાદનની પ્રક્રિયાઓને સમજી શકશે અને વર્ચ્યુઅલ વાતાવરણમાં ફેબ્રિકેશનના તબક્કાઓનું સિમ્યુલેશન કરી શકશે. કેન્દ્રીય મંત્રીએ ઉલ્લેખ કર્યો હતો કે, ઉદ્યોગના અંદાજ મુજબ ૧ મિલિયનથી વધુ સેમિકન્ડક્ટર ડિઝાઈન વર્કફોર્સની માંગ છે. ભારત આ અંતરને સરળતાથી ભરી શકે છે. NVIDIA, Qualcomm, ARM અને AMD જેવી અગ્રણી કંપનીઓ ભારતમાં ૨ અને ૩ nm ની અદ્યતન સેમિકન્ડક્ટર ચિપ્સ ડિઝાઈન કરી રહી છે. આ બાબત માત્ર ડિઝાઈન વર્કફોર્સના કારણે જ શક્ય બની છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે ભારત સરકાર 'ચિપ્સ ટુ સ્ટાર્ટઅપ' (C2S) પ્રોગ્રામના ભાગરૂપે દેશભરની ૩૨૩ થી વધુ યુનિવર્સિટીઓને ઈલેક્ટ્રોનિક ડિઝાઈન ઓટોમેશન (EDA) ટુલ્સ પ્રદાન કરી રહી છે. આ ટુલ્સ સિનોપ્સિસ (Synopsys), કેડેન્સ (Cadence) અને રેનેસાસ (Renesas) જેવી અગ્રણી કંપનીઓના અત્યાધુનિક સેમિકન્ડક્ટર ડિઝાઈન ટુલ્સ છે. આ સાધનોનો ઉપયોગ કરીને, ભારતભરની સંસ્થાઓના વિદ્યાર્થીઓ દ્વારા ડિઝાઈન કરાયેલી ૧૦૦ થી વધુ ચિપ્સ સેમિકન્ડક્ટર લેબોરેટરી (SCL), મોહાલી ખાતે બનાવવામાં (ફેબ્રિકેટ કરવામાં) આવી છે. મંત્રીએ વિદ્યાર્થીઓને આ અદ્યતન EDA ટુલ્સનો સંપૂર્ણ ઉપયોગ કરવા પ્રોત્સાહિત કર્યા હતા.

**આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ લેબ**

કેન્દ્રીય મંત્રીએ જાહેરાત કરી હતી કે MNIT જયપુર ખાતે એક AI લેબ પણ સ્થાપિત કરવામાં આવશે. આ લેબ સંશોધન અને ઈનોવેશન માટે અદ્યતન કમ્પ્યુટ અને સાધનો સહિતની સુવિધાઓ પૂરી પાડશે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય આ લેબને ઈન્ડિયાએઆઈ (IndiaAI) મિશનના નેટવર્ક સાથે જોડવાનો રહેશે. આ સંદર્ભમાં, તેમણે ડીપફેક ડિટેક્શન ટેક્નોલોજી સંબંધિત ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી જોધપુર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરી પર પ્રકાશ પાડ્યો હતો.

**મેકર્સ લેબનું ઉદ્ઘાટન**

ત્યારબાદ, કેન્દ્રીય મંત્રીએ રાજસ્થાન સરકારના ઊર્જા વિભાગના રાજ્ય મંત્રી (સ્વતંત્ર પ્રભાર) શ્રી હીરાલાલ નગર અને રાજસ્થાન વિધાનસભાના સભ્ય (સિવિલ લાઈન્સ જયપુર) શ્રી ગોપાલ શર્માની સાથે સ્કૈંજયપુર ખાતે 'મેકર્સ લેબ' (Makers Lab) નું ઉદ્ઘાટન કર્યું હતું. મેકર્સ લેબ વિદ્યાર્થીઓને સોફ્ટવેર અને હાર્ડવેર બંને ટેક્નોલોજીમાં પ્રાયોગિક અને વ્યવહારુ તાલીમની તકો પૂરી પાડશે. આમાં સેન્સર્સ, એમ્બેડેડ સિસ્ટમ્સ, કમ્પ્યુટ ડિવાઈસીસ અને ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ્સનો સમાવેશ થશે. આ મુલાકાત દરમિયાન અગાઉ, શ્રી વૈષ્ણવે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો સાથે સંવાદ કર્યો હતો. વિદ્યાર્થીઓએ AI, રોબોટિક્સ, ડ્રોન, સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ અને પોસ્ટ-કવોન્ટમ ક્રિપ્ટોગ્રાફીના ક્ષેત્રોમાં વિવિધ પ્રોજેક્ટ્સ અને એપ્લિકેશન્સનું પ્રદર્શન કર્યું હતું.

# લોકઆરાધ્ય દેવ ભાથીજી મહારાજના પાવન દર્શન કરી દિવ્ય આરતીનો અમૂલ્ય લાભ મંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ પ્રાપ્ત કર્યો







કમલમ્,

પવિત્ર ફાગવેલધામ ખાતે લોકઆરાધ્ય દેવ ભાથીજી મહારાજના પાવન દર્શન કરી દિવ્ય આરતીનો અમૂલ્ય લાભ મંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ પ્રાપ્ત કર્યો. આ પાવન અવસરે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે દેશસેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૧૨ ગૌરવશાળી વર્ષ પૂર્ણ કર્યા નિમિત્તે વિશેષ આરતી અર્પણ કરી તેમના ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય અને અવિરત રાષ્ટ્રસેવા માટે મંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ પ્રાર્થના કરી. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના દ્રઢ નેતૃત્વ હેઠળ ભારતે છેલ્લા ૧૨ વર્ષમાં વિકાસ, આત્મનિર્ભરતા, ડિજિટલ ક્રાંતિ, ગરીબ કલ્યાણ, મહિલા સશક્તિકરણ, યુવા વિકાસ, આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વૈશ્વિક પ્રતિષ્ઠાના અનેક નવા કીર્તિમાન સ્થાપિત કર્યા છે. ભારત આજે વિશ્વ મંચ પર ગૌરવ અને આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે.દેશના વડાપ્રધાન તરીકે સૌથી લાંબો કાર્યકાળ પૂર્ણ કરવાનો ઐતિહાસિક વિક્રમ સ્થાપિત કરવા બદલ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને હાર્દિક અભિનંદન અને અનંત શુભેચ્છાઓ મંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ પાઠવી. 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ના મંત્ર સાથે વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે તેઓ સતત દેશનું માર્ગદર્શન આપતા રહે અને ભારત વિશ્વગુરુ બનવાના પંથે વધુ ગતિથી આગળ વધે તેવી ભાથીજી મહારાજના ચરણોમાં મંત્રી શ્રી સંજયસિંહ મહિડાએ પ્રાર્થના કરી.

# ‘૧૨ વર્ષ અવિરત વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના’ : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભાજપા દ્વારા રાજ્યભરમાં મહાઆરતી અને સ્વચ્છતા અભિયાન સહિતના કાર્યક્રમ યોજાયા

## ભાજપા અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં વડનગરના હાટકેશ્વર મંદિર ખાતે રામધૂન, ભજન-કીર્તન, મહામૃત્યુંજય મંત્રના સામૂહિક જાપ અને મહાઆરતી સાથે શ્રી નરેન્દ્રભાઇ મોદીના આરોગ્યપ્રદ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરાઇ

કમલમ્,
વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા અને ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ભારતના ચૂંટાયેલા વડાપ્રધાન તરીકે અવિરત ૧૨ વર્ષ અને ૪૩૯૯ દિવસના યશસ્વી અને પ્રેરણાદાયી કાર્યકાળ સાથે આજે ૧૦ જૂને દેશના સૌથી વધુ સમય સુધી સેવારત રહેનાર વડાપ્રધાન બન્યા છે. શ્રી મોદીજીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના સતત ૧૨ વર્ષ પૂર્ણ થયા છે. આ ઐતિહાસિક અવસરને વધાવવા કેન્દ્રીય ભાજપાની કાર્યયોજના અનુસાર, પ્રદેશ ભાજપા દ્વારા સમગ્ર રાજ્યમાં ‘૧૨ વર્ષ અવિરત વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના’ અભિયાન અંતર્ગત આજે રાજ્યના તમામ જિલ્લા અને મહાનગરોના મંદિરોમાં ભાજપા આગેવાનો, ચુંટાયેલા પ્રતિનિધિઓ, કાર્યકરો અને સ્થાનિક નાગરિકોની ઉપસ્થિતિમાં મહાઆરતીનું આયોજન કરી વડાપ્રધાનશ્રીના દીર્ઘાયુ અને સ્વાસ્થ્યપ્રદ જીવન માટે પ્રાર્થના કરવામાં આવી હતી. રાજ્યભરમાં મહાપુરુષોની પ્રતિમાઓની સાફ-સફાઈ અને વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાજ્યસરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં રાજ્યમાં ૨૦૦ થી વધારે દેવસ્થાનોએ ભવ્ય મહાઆરતી યોજાઈ હતી. વહેલી સવારે રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરના અડાલજ સ્થિત ત્રિમંદિર ખાતે આરતીમાં ઉપસ્થિત રહી વડાપ્રધાનશ્રીના ઉત્કૃષ્ટ સ્વાસ્થ્ય માટે ઈશ્વરના ચરણોમાં પ્રાર્થના કરી હતી. વડનગર ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈની પ્રેરક ઉપસ્થિતિમાં ભક્તિના અનોખા ત્રિવેણી સંગમ સાથે વિવિધ કાર્યક્રમો યોજાયા હતાં. વડાપ્રધાનશ્રીના જન્મસ્થળ એવા ઐતિહાસિક અને પૌરાણિક નગર વડનગર ખાતે પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા હાટકેશ્વર મંદિર ખાતે ઉપસ્થિત રહ્યાં હતાં જ્યાં રામધૂન, ભજન-કીર્તન, મહામૃત્યુંજય મંત્રના સામૂહિક જાપ અને મહાઆરતી સાથે શ્રી નરેન્દ્રભાઈ મોદીના આરોગ્યપ્રદ દીર્ઘાયુ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી જગદીશભાઈ વિશ્વકર્માના હસ્તે સફાઈકર્મીઓનું હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પૂર્વે પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ વડનગર સ્થિત પ્રેરણા સ્કૂલની મુલાકાત લઈ ત્યાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શૈક્ષણિક સુવિધાઓ તેમજ જીવનમૂલ્યો, નેતૃત્વ ક્ષમતા, અને વ્યક્તિત્વ વિકાસ જેવા ગુણો વિકસાવવા માટે કરવામાં આવી રહેલ કામગીરી અંગે માહિતી મેળવી હતી. શ્રી વિશ્વકર્માએ વડનગર રેલવે સ્ટેશનની પણ મુલાકાત કરી હતી. મોડી સાંજે વડનગરના સુપ્રસિદ્ધ શર્મિષ્ઠા તળાવના કિનારે દિવડાઓની ઝળહળતી જ્યોત વચ્ચે અલૌકિક મહાઆરતી યોજાઈ હતી જેમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સમ્મિલિત થયા હતા. શ્રી વિશ્વકર્માએ શર્મિષ્ઠા તળાવ ખાતે વોટર એન્ડ લાઈટ શો પણ નિહાળ્યો હતો. વડનગર ખાતેના કાર્યક્રમોમાં રાજ્ય સરકારના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી શ્રી અજયભાઈ બ્રહ્મભટ્ટ, સાંસદશ્રી હરિભાઈ પટેલ, ધારાસભ્યો, સંગઠનના પદાધિકારીઓ, સામાજિક આગેવાનો અને નાગરિકો ઉપસ્થિત રહ્યાં હતાં. ‘૧૨ વર્ષ અવિરત વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના’ અભિયાનના ભાગરૂપે પ્રદેશ મહામંત્રી શ્રી પ્રશાંતભાઈ કોરાટ દેવમોગરા ખાતે, શ્રી અનિરુદ્ધભાઈ દવે શક્તિપીઠ માતાના મઢ (કચ્છ) ખાતે અને શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ પાવાગઢ મહાકાળી મંદિર ખાતે સાંજે મહાઆરતીમાં સહભાગી થયા હતા. આ ઉપરાંત રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, સંગઠનના પદાધિકારીઓ અને સ્થાનિક ચૂંટાયેલા જનપ્રતિનિધિઓએ પોતપોતાના નિર્ધારિત ક્ષેત્રોમાં નાગરિકો સાથે મહાઆરતી અને સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતાં.




મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ પદાધિકારીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓની ઉપસ્થિતિમાં રાજ્યમાં ૨૦૦ થી વધારે દેવસ્થાનોએ ભવ્ય મહાઆરતી યોજાઈ

# નાગરિકોની રજૂઆતોનો સ્થાનિક સ્તરે જ સુખદ નિકાલ થાય તે માટે ગૃહ વિભાગ કટિબદ્ધ: રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિક

## રાજ્ય જનસંપર્ક કેન્દ્ર-ગૃહ વિભાગ અને જનસંપર્ક કાર્યાલય-પોલીસભવનની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરતા ડીજીપી શ્રી જી. એસ. મલિક



કમલમ્,
રાજ્યના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકે ગૃહ વિભાગના જનસંપર્ક કેન્દ્ર તેમજ પોલીસ ભવન ખાતે કાર્યરત જનસંપર્ક કાર્યાલયની ઓચિંતી મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે નાગરિકોની રજૂઆતોની સર્વગ્રાહી સમીક્ષા કરવાની સાથે રૂબરૂ આવેલા અરજદારો સાથે સીધો સંવાદ પણ કર્યો હતો. મુલાકાત દરમિયાન શ્રી જી. એસ. મલિકે જણાવ્યું હતું કે, ગાંધીનગર ખાતેના આ કેન્દ્રમાં નાગરિકો કેવા પ્રકારના પ્રશ્નો લઈને આવે છે, તેમની મુખ્ય સમસ્યાઓ શું છે અને કયા જિલ્લાઓમાંથી અરજદારોની સંખ્યા વધુ રહે છે, તેની ઊંડાણપૂર્વક સમીક્ષા કરવામાં આવી છે. આ સમીક્ષાનો મુખ્ય હેતુ એ છે કે, જે જિલ્લાઓમાંથી વધુ નાગરિકોને ગાંધીનગર સુધી આવવું પડે છે, ત્યાં સ્થાનિક સ્તરે જ ન્યાય મળે તેવી વ્યવસ્થા ઊભી કરવી. તેમણે ઉમેર્યું હતું કે, સામાન્ય નાગરિકોને પોતાના નાના-મોટા પ્રશ્નોના નિવારણ માટે ગાંધીનગર સુધી લાંબા ન થવું પડે અને સ્થાનિક (જિલ્લા) સ્તરે જ તેમની ફરિયાદોનો સંતોષકારક નિકાલ



થાય તે માટે ગૃહ વિભાગ દ્વારા આગામી સમયમાં વધુ સક્ષમ અને અસરકારક વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. હાલના તબક્કે ગાંધીનગર ખાતે જે પણ રજૂઆતો આવે છે, તેને તાત્કાલિક સંબંધિત જિલ્લા કે જે-તે યુનિટમાં મોકલી આપીને અરજદારોને ઝડપી, પારદર્શી અને ન્યાયિક નિકાલ મળે તેવી સુદ્રઢ વ્યવસ્થા પોલીસ પ્રશાસન દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે. જનસંપર્ક કાર્યાલય એ માત્ર અરજીઓ સ્વીકારવાનું કેન્દ્ર નથી, પરંતુ તે પોલીસ અને જનતા વચ્ચે વિશ્વાસનો મજબૂત સેતુ છે. આ નાગરિક કેન્દ્રિત અભિગમ આગામી દિવસોમાં જિલ્લા સ્તરે પણ એટલો જ મજબૂત કરાશે, જેથી સમગ્ર પોલીસ તંત્ર વધુ લોકભોગ્ય, લોકોપયોગી અને જવાબદાર બને.

# વડનગર ખાતે ઉર્જા મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે ‘નરેન્દ્ર મોદી ઈન્ડસ્ટ્રિયલ સ્કિલ્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ’નું ઉદ્ઘાટન

## દર વર્ષે ૫,૦૦૦ યુવાનોને મળશે વૈશ્વિક સ્તરની રોજગારીલક્ષી તાલીમ

**યુવા સશક્તિકરણની દિશામાં ગુજરાતનું મોટું કદમ: વડનગરમાં શરૂ થયું દેશનું ૧૦મું અત્યાધુનિક ઇન્ડસ્ટ્રિયલ સ્કિલ્સ ટ્રેનિંગ સેન્ટર**

કમલમ્,વડનગર
ગુજરાતના યુવાનો વૈશ્વિક સ્તરે રોજગારી મેળવી શકે અને તેમનામાં ઔદ્યોગિક કૌશલ્યનો વિકાસ થાય તેવા ઉમદા આશય સાથે આજે ઐતિહાસિક નગરી વડનગર ખાતે લાર્સન એન્ડ ટુબ્રો (L&T) કંપનીના સહયોગથી નવનિર્મિત ‘નરેન્દ્ર મોદી ઈન્ડસ્ટ્રિયલ સ્કિલ્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ’ નું ઉર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના વરદ હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ‘સ્કિલ્ડ ઈન્ડિયા’ (Skilled India) ના સપનાને સાકાર કરવાની દિશામાં વડનગર ખાતે શરૂ થયેલી આ સંસ્થા એક મહત્વનું સીમાચિહ્ન સાબિત થશે. આ અત્યાધુનિક સ્કીલ સેન્ટરમાં સિવિલ, મિકેનિકલ અને ઈન્ડસ્ટ્રિયલ સહિત આશરે ૨૦ જેટલા જુદા-જુદા ટ્રેડમાં યુવાનોને



વિશેષ તાલીમ આપવામાં આવશે. અહીં દર વર્ષે આશરે ૫૦૦૦ જેટલા બાળકોને ત્રણ અઠવાડિયાથી લઈને ત્રણ મહિના સુધીના ગાળા માટે કૌશલ્ય વર્ધનની તાલીમ આપીને ભવિષ્યના ભારતનું નિર્માણ કરવા સક્ષમ બનાવવામાં આવશે. એલ.એન્ડ.ટી. દ્વારા સમગ્ર દેશમાં આવા ૯ સેન્ટર્સ કાર્યરત છે, જ્યારે આ ૧૦મું સેન્ટર છે જેમાં ૨૦ જેટલા ટ્રેડનો સમાવેશ કરી યુવાનોને તાલીમ બાદ રોજગારી અને પ્લેસમેન્ટ સુધી લઈ જવાનો એક ભગીરથ પ્રયાસ વડનગર અને ગુજરાતની ધરતી પર શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ દરમિયાન મંત્રીશ્રી અને મહાનુભાવોએ સંસ્થાના વિવિધ ક્લાસરૂમ, પ્રાયોગિક લેબ અને વર્કશોપની મુલાકાત લીધી હતી. કંપનીના વરિષ્ઠ અધિકારીઓએ મંત્રીશ્રીને ટ્રેનિંગ મોડ્યુલ્સ અને ભવિષ્યના રોડમેપ અંગે વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે સાંસદ શ્રી હરિભાઈ પટેલ, સાંસદ શ્રી મયંક નાયક, કલેકટર શ્રી એસ.કે.પ્રજાપતિ, જિલ્લા પોલીસ વડા શ્રી, ડીડીઓ શ્રી, સ્થાનિક આગેવાનો, વહીવટી તંત્રના અધિકારીઓ કર્મચારીઓ, કંપનીના પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સૂર્યઊર્જાએ બદલ્યું જીવન : PM-KUSUMથી બદલાઈ રહ્યું છે ગ્રામીણ અર્થતંત્ર

## PM-KUSUM યોજના ખેડૂતોને ઊર્જા, જળસુરક્ષા પૂરી પાડવા ઉપરાંત ડીઝલના વપરાશમાં ઘટાડો કરી પર્યાવરણ સંરક્ષણમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે : શ્રી ઋષિકેશ પટેલ, ઊર્જા મંત્રી, ગુજરાત



- ★ નર્મદા, ડાંગ અને તાપીના અંતરિયાળ ગામોમાં હવે ખેતી માત્ર ચોમાસા પર આધારિત નથી. હવે સૌર ઊર્જાએ અહીંના ધરતીપુત્રો માટે આશાનું કિરણ બનીને આવી છે
- ★ PM-KUSUM હેઠળ ગુજરાતમાં ૬૯૫ મેગાવોટ ક્ષમતાના ૨૫૬ સોલાર પાવર પ્લાન્ટ કાર્યરત. અંદાજે ૨.૯૭ લાખ ખેતીવાડી પંપનું સોલારાઇઝેશન

કમલમ્,
એક સમય હતો જ્યારે ડાંગના ઉમરપાડા ગામના ખેડૂત રામુભાઈ વાઘમારે માટે વરસાદ જ જીવનનો આધાર હતો. ચોમાસું સારું જાય તો પાક થાય, નહીંતર આખું વર્ષ મુશ્કેલીમાં પસાર થતું. સિંચાઈ માટે રાત્રે ખેતરોમાં જવું પડતું, વીજળીની અનિશ્ચિતતા અને પાણીની અછત એ વરવી વાસ્તવિકતા હતી. આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. તેમના ખેતરમાં સ્થાપિત સોલાર પંપ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી સતત પાણી પૂરું પાડે છે. હવે ખેતીની સિંચાઈ માટે રાતના ઉજાગરા કરવા પડતાં નથી. હવે વરસમાં એકથી વધુ પાક લઈ શકાય છે. આ પરિવર્તનની પાછળ છે કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ્ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજના, જે ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં વિકાસનો નવો અધ્યાય લખી રહી છે. રાજ્યમાં હાલમાં ૨૧ હજારથી વધુ સોલાર વોટર પંપ કાર્યરત છે. નર્મદા, ડાંગ અને તાપી જેવા જિલ્લાઓમાં હજારો ખેડૂતો હવે ડીઝલના ખર્ચ, વીજળીની અનિશ્ચિતતા અને વરસાદની મર્યાદાઓથી મુક્ત બની રહ્યા છે. તાપીના ગવાણ ગામના ગાવજીભાઈ વસાવા કહે છે કે પહેલાં ખેતી માત્ર ચોમાસા પૂરતી સીમિત હતી. આજે સોલાર પંપની મદદથી વર્ષ દરમિયાન ખેડૂત એકથી વધુ પાક લઈ શકે છે. અહીં ધરતીપુત્રો ખેતરમાં ઘાસચારો ઉગાડી પશુપાલન થકી વધારાની આવક પણ પણ મેળવે છે. નર્મદા જિલ્લાના જૂના મોસદા ગામના ઈશ્વરભાઈ વસાવા માટે તો આ યોજના જીવન બદલનારી સાબિત થઈ છે. એક સમય એવો હતો જ્યારે ખેતીમાંથી પૂરતી આવક ન મળતા રોજગારી માટે શહેરોમાં મજૂરી અર્થે જવું પડતું, પણ હવે તે વર્ષમાં ત્રણ પાક લઈ શકે છે અને તેમના પરિવારની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો આવ્યો છે. આ યોજનાની સફળતા માત્ર ખેડૂતોના અનુભવોમાં જ નહીં, પરંતુ તેના વ્યાપમાં પણ દેખાય છે. PM-KUSUMના કમ્પોનન્ટ-C હેઠળ ગુજરાતમાં ૬૯૫ મેગાવોટ ક્ષમતાના ૨૫૬ સોલાર પાવર પ્લાન્ટ કાર્યરત થયા છે, જેના કારણે અંદાજે ૨.૯૭ લાખ ખેતીવાડી પંપનું સોલારાઈઝેશન થયું છે. રાજકોટ જિલ્લો ૮૧ મેગાવોટ ક્ષમતા સાથે રાજ્યમાં અગ્રેસર છે. ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલના જણાવ્યા મુજબ, આ યોજના ખેડૂતોને ઊર્જા અને પાણીની સુરક્ષા પૂરી પાડવા ઉપરાંત ડીઝલના વપરાશમાં ઘટાડો કરી પર્યાવરણ સંરક્ષણમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે. ઊર્જા મંત્રીશ્રી યોજના વિશે વિગતો આપે છે : "આ યોજના હેઠળ ત્રણ કમ્પોનન્ટ A, B અને C અમલમાં મુકવામાં આવ્યા છે. પી.એમ. કુસુમ કમ્પોનન્ટ-A યોજના હેઠળ ૧૬૩ મેગાવોટના પાવર પરચેઝ એગ્રીમેન્ટ-PPA કરવામાં આવ્યા છે જેની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. જ્યારે કમ્પોનન્ટ-B હેઠળ જ્યાં ગ્રીડ સપ્લાય ઉપલબ્ધ ન હોય અથવા ટેક્નો-કોમર્શીયલ દ્રષ્ટિએ વાયેબલ ન હોય તેવા દૂર-સુદૂરના વિસ્તારો, અંતરિયાળ પ્રદેશો અને જંગલ વિસ્તારોમાં પિયત માટે/હયાત ડીઝલ પંપ સેટને બદલીને સ્ટેન્ડ અલોન સોલાર એગ્રીકલ્ચર પંપ સ્થાપિત કરવામાં આવે છે. યોજના મુજબ લાભાર્થીને કુલ સિસ્ટમ ખર્ચના ૩૦ ટકા કેન્દ્ર સરકારની સહાય (CFA) અને ૩૦ ટકા રાજ્ય સરકારની સબસીડી મળે છે, જ્યારે બાકીના ૪૦ ટકા અને ન મળવાપાત્ર થતી સબસીડીની રકમ લાભાર્થી ખેડૂતે આપવાની હોય છે. આ સહાય ૭.૫ હોર્સ પાવર-HP સુધીની ક્ષમતાના પંપસેટ માટે મર્યાદિત છે. મંત્રીશ્રી કહ્યું હતું કે, રાજ્ય સરકારે જંગલ વિસ્તારના ખેડૂતો માટે વિશેષ ઉદારતા દાખવી વધારાની સબસીડીની ખાસ જોગવાઈ કરવામાં આવી છે. જે મુજબ આદિજાતિ અને જંગલ વિસ્તારના ખેડૂતોને કેન્દ્ર સરકાર તરફથી ૩૦ ટકા અને રાજ્ય સરકાર તરફથી ૭૦ ટકા સબસીડી આપવામાં આવે છે, જેથી ખેડૂતોએ એક રૂપિયાનો પણ ફાળો આપવાનો રહેતો નથી. જ્યારે બિન-આદિજાતિ અને જંગલ વિસ્તારના ખેડૂતોને કેન્દ્ર તરફથી ૩૦ ટકા અને રાજ્ય તરફથી ૭૦ ટકા સબસીડી સાથે ખેડૂતે માત્ર ઓછો ફિક્સ્ડ ચાર્જ જ ચૂકવવાનો રહે છે. આ કમ્પોનન્ટ અંતર્ગત અત્યાર સુધીમાં ૨૨,૭૮૭ સોલાર પંપ કાર્યરત કરવામાં આવ્યા છે. ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં આજે સોલાર પંપ માત્ર એક ટેક્નોલોજી નથી. તે ખેડૂતના જીવનમાં વિશ્વાસનું પ્રતીક છે. તે વધુ પાક, વધુ આવક અને વધુ સારી જીવનશૈલીનું સાધન છે. જ્યારે દેશ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સુશાસનના ૧૨ વર્ષની યાત્રાની ઉજવણી કરી રહ્યો છે, ત્યારે ગુજરાતના આ અંતરિયાળ ગામોમાં સૂર્ય ઊર્જા માત્ર ખેતરોને જ નહીં, પરંતુ હજારો પરિવારોના જીવનમાં પ્રકાશ આણી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ સુશાસનની ઉજવણી

# ઉર્જા મંત્રી ઋષિકેશભાઈ પટેલે તરભ ખાતે શ્રમદાન કરી સ્વચ્છતા સપ્તાહ ઉજવણીમાં સહભાગી થયા

## ઉર્જા મંત્રીશ્રીએ વાળીનાથ મહાદેવ મંદિરમાં મહા આરતી અને દર્શન સાથે કરી લોકકલ્યાણની મંગલ કામના





કમલમ્,મહેસાણા,
ભારતના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૨ વર્ષના સુશાસન અને પ્રધાનમંત્રી તરીકેના ૪,૩૯૯ દિવસના સૌથી લાંબા અને અભૂતપૂર્વ સેવાકાળની ઉજવણીના ભાગરૂપે આજે મહેસાણા જિલ્લાના તરભ ખાતે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ગૌરવશાળી અવસરે ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ઉપસ્થિત રહીને ’સ્વચ્છતા સપ્તાહ અભિયાન’ અંતર્ગત સ્વયં શ્રમદાન કર્યું હતું. મંત્રીશ્રીએ સ્વચ્છતા અભિયાનમાં જોડાઈ નાગરિકોને સ્વચ્છતાનો કર્મયોગ અપનાવવા આહવાન કર્યું હતું.

સુશાસનના આ ઉત્સવને સ્વચ્છતાના સંકલ્પ સાથે જોડીને સરકારની જનસેવાની પ્રતિબદ્ધતાને વધુ સુદ્રઢ બનાવવાનો પ્રયાસ આ તકે કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના ભાગરૂપે પર્યાવરણની સુરક્ષા અને ગ્રીન કવર વધારવાના ઉમદા આશય સાથે મંત્રીશ્રીના હસ્તે તરભ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીના વિઝન મુજબ પ્રકૃતિ અને પર્યાવરણના જતન માટે આ વૃક્ષારોપણ પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું. તેની સાથે જ સમાજમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવે અને યુવા પેઢી સ્વાસ્થ્ય પ્રત્યે સભાન બને તે હેતુથી સાયકલ રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ઉર્જા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે આ સાયકલ રેલીને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ રેલીએ સમગ્ર પંથકમાં સ્વચ્છતાનો પ્રબળ સંદેશ ફેલાવ્યો હતો. કાર્યક્રમના અંતિમ ચરણમાં મંત્રીશ્રીએ તરભ સ્થિત પવિત્ર વાળીનાથ મહાદેવ મંદિરની મુલાકાત લીધી હતી. તેમણે મહાદેવના ચરણોમાં શીશ ઝુકાવી દર્શન કર્યા હતા અને રાજ્ય તથા રાષ્ટ્રની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે આયોજિત ભવ્ય મહા આરતીમાં મંત્રીશ્રી સહભાગી થયા હતા.

ભક્તિ અને સેવાના આ સંગમ સમાન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અગ્રણીઓ અને ભક્તો જોડાયા હતા. વડાપ્રધાનશ્રીના લાંબા સેવાકાળને બિરદાવવા માટે આયોજિત આ વિવિધલક્ષી કાર્યક્રમોએ લોકમાનસમાં સુશાસન અને સેવા પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત કર્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૨ વર્ષના અવિરત સેવાકાળની ઉજવણી

# વડનગરના શર્મિષ્ઠા તળાવે ૧૦ હજાર દીવડાઓની મહા આરતી યોજાઈ

## સુશાસનના ૪,૩૯૯ દિવસના અભૂતપૂર્વ કાર્યકાળને વધાવતું વડનગર મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને જગદીશભાઈ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિ

**ભક્તિ, સંસ્કૃતિ અને વિકાસના ત્રિવેણી સંગમ સાથે વડનગરના આંગણે ભવ્ય વોટર લેસર એન્ડ સાઉન્ડ શોનું આકર્ષણ**



કમલમ્,વડનગર
વડનગરના પનોતા પુત્ર અને ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૧૨ વર્ષના સુશાસન અને વડાપ્રધાન તરીકેના ૪,૩૯૯ દિવસના સૌથી લાંબા અને ઐતિહાસિક સેવાકાળની યાદગાર ઉજવણી કરવામાં આવી હતી. વડાપ્રધાનશ્રીના જન્મસ્થળ એવા વડનગરના ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ ખાતે આ ગૌરવપૂર્ણ અવસર નિમિત્તે ૧૦ હજાર દીવડાઓના પ્રાગટ્ય અને ભવ્ય મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યના ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને અગ્રણી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. વડનગર ખાતે આયોજિત આ ભવ્ય કાર્યક્રમમાં શર્મિષ્ઠા તળાવનો કાંઠો હજારો દીવડાઓના પ્રકાશથી ઝળહળી ઉઠ્યો હતો. આજે સાંજે આયોજિત આ મહા આરતીમાં વિશાળ સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી. ૧૦,૦૦૦ દીપ પ્રાગટ્યના આ દિવ્ય દ્રશ્યોએ ઉપસ્થિત સૌ નાગરિકોમાં ભક્તિ અને રાષ્ટ્રપ્રેમનો સંચાર કર્યો હતો. આ ઉજવણી વડાપ્રધાનશ્રી દ્વારા રાષ્ટ્ર નિર્માણ માટે આપવામાં આવેલા અથાક યોગદાન અને તેમના મજબૂત નેતૃત્વ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના ભાગરૂપે કરવામાં આવી હતી, જેમાં ભક્તિનો સંગમ અને સંસ્કૃતિની ઝલક સ્પષ્ટપણે જોવા મળી હતી. દીપ પ્રાગટ્ય અને મહા આરતી બાદ કાર્યક્રમમાં વિશેષ આકર્ષણ તરીકે ભવ્ય વોટર લેસર એન્ડ સાઉન્ડ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આધુનિક ટેકનોલોજીના માધ્યમથી પ્રસ્તુત કરવામાં આવેલ શોએ ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ એકતાનો સંકલ્પ અને વિકસિત ભારતના અભિયાનને વેગ આપવાના ઉમદા હેતુ સાથે યોજાયો હતો. સ્થાનિક આગેવાનો અને નાગરિકોએ વડાપ્રધાનશ્રીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળને ઉજવીને આગામી સમયમાં પણ દેશ તેમના નેતૃત્વમાં પ્રગતિના નવા શિખરો સર કરે તેવી મંગલ કામના કરી હતી. આ કાર્યક્રમમાં રાજ્યસભા સાંસદ શ્રી મયંકભાઈ નાયક, લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલ, ઊંઝા ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલ, દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરી, અગ્રણી શ્રી ગિરીશભાઈ રાજગોર, જિલ્લા કલેક્ટર શ્રી એસ. કે. પ્રજાપતિ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

